| | |
|---|---|
| **PUBLICATION NAME :** | **Divya Bhaskar (City Bhaskar)** |
| **EDITION :** | **Ahmedabad** |
| **DATE :** | **14/05/2022** |
| **PAGE :** | **2** |

# ઇડીઆઇઆઈએ 19,361 આર્ટિશન્સને તાલીમ આપી, આર્ટિશન્સે રૂ. 4.98 કરોડની આવક કરી

## માર્કેટ કનેક્ટના અભાવે 88 ટકા આર્ટિશન્સ ટકી રહેવા સંઘર્ષ કરે છે



અમદાવાદ | ઈડીઆઈઆઈ અને iNDEXT-c ના સંયુક્ત ઉપક્રમે સ્કિલ ડેવલપમેન્ટ પ્રોગ્રામનું આયોજન કર્યું હતું. જેનો ઉદ્દેશ આર્ટિશન્સની કુશળતા વધારવા અને માહિતીની અસમાનતા દૂર કરવા માટે સેતુરૂપ બનવાનો હતો, જેથી તેઓ માર્કેટના ટ્રેન્ડ અને ડિમાન્ડ અનુસાર કામ કરી શકે. આશરે 88 ટકાથી વધારે આર્ટિશન્સ વિશિષ્ટ કુશળતા હોવા છતાં તેમને માર્કેટમાં ટકી રહેવા માટે સંઘર્ષ કરવો પડે છે. માર્કેટ કનેક્ટના અભાવે અને પર્યાપ્ત જાણકારી ન હોવાથી આર્ટિશન્સની સ્થિતિ નબળી છે. તેથી હસ્તકલા સેતુ યોજના કૌશલ્ય અને જાણકારીના આધારે તેમની સ્થિતિમાં પરિવર્તન લાવવા માગે છે. આ કાર્યક્રમના ભાગરૂપે ઈડીઆઈઆઈ ગ્રામીણ કલાકારો વચ્ચે જાણકારી અને કૌશલ્યની અસમાનતા દૂર કરી તેમની કુશળતા વધારવા સેતરૂપ બન્યો છે. છેલ્લાં 2 વર્ષમાં EDIIએ 19,361 આર્ટિશન્સને સફળતાપૂર્વક તાલીમ આપી છે, જેમાંથી 7605ને કુશળતા વધારવા આધુનિક તાલીમ અને માર્ગદર્શન આપ્યું છે. આ કલાકારોએ રૂ. 4.98 કરોડની આવક પણ કરી છે.